ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી




આયુષ નિરવકુમાર ગાંધી
ફોન : ૨૩૨૨૬૬૮૬



હર્ષ ભાલોડી



ઋષભ રૂપાણી



રવિ પીપરીયા

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા. ૧૦

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત તાજેતરમાં ૯ સ્કૂલ્સનાં ૧૧૫૬ બાળકોને આવરીને તેમની શારીરિક તપાસ કરવામાં આવી હતી.

ચિસકારી, ઈસનપુર, ડોડિયા, પાલુન્દ્રા, એરંડાની મુવાડી, હરખજીના મુવાડા તથા કૃષ્ણનગર સ્કૂલને આ કાર્યક્રમ હેઠળ આવરી લેવામાં આવી હતી. ગાંધીનગરથી ડૉ. સુવિણાબેન, ડૉ. બોઘાણી, ડૉ. અતુલ પંડ્યા તથા ગોપાલભાઈ, મિલિન્દ ગુપ્તે, દિનેશભાઈ આ સેવાના કાર્યમાં જોડાયા હતા. ઉલ્લેખનીય છે કે આ વર્ષે કુલ ૩૪ શાળાઓનાં ૬૧૧૮ બાળકોને સમિતિ દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ તપાસવામાં આવ્યાં છે. આ ઉમદા કાર્યમાં સમિતિને કલ્પતરુ પાવર ટ્રાન્સમિશનનો સુંદર સહયોગ પ્રાપ્ત થયો છે.



ખેલ મહાકુંભની બાસ્કેટ બૉલ સ્પર્ધામાં દિલ્હી પબ્લિક સ્કૂલની કુલ ૭ ટીમે ભાગ લીધો હતો, જેમાંથી બે ટીમ પ્રથમ ક્રમે, બે ટીમ દ્વિતિય ક્રમે અને ૧ ટીમ તૃતિય ક્રમે વિજેતા બની છે. આમ, કુલ ૬૦ વિદ્યાર્થીઓએ વિવિધ સ્થાને વિજેતા બનીને કુલ ૧,૪૪,૦૦૦ના રોકડ પુરસ્કાર પ્રાપ્ત કર્યા છે. આ ઉપરાંત શાળાના ૪૩ વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામ્યા છે. શાળા પરિવારે આ સૌ વિદ્યાર્થીઓને તેમની સિદ્ધિ બદલ બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
ઘાયલ વન્સ અગેઈન
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-3**
સનમ તેરી કસમ
૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
ઍરલિફ્ટ
૧.૦૦

**સ્ક્રીન-૪**
સનમ તેરી કસમ
૧૦.૦૦
મસ્તીઝાદે (એ)
૧.૧૫, ૪.૩૦, ૧૦.૦૦
સાલા ખડૂસ
૭.૩૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧૦.૦૦
સનમ તેરી કસમ
૧૨.૪૫

## પ્રૉ. ધર્મેન્દ્ર પટેલ પીઍચડી થયા



ગાંધીનગર, તા. ૧૦

શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજનાં એકાઉન્ટન્સી વિભાગના પ્રૉ. ધર્મેન્દ્રભાઈ પટેલે 'રિસ્ક મૅનેજમૅન્ટ : અ સ્ટડી ઑફ સિલૅક્ટેડ અર્બન કો-ઓપરેટીવ બૅન્ક્સ ઈન ગુજરાત' વિષય પર ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ મહાશોધ નિબંધ તૈયાર કરી કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં રજૂ કરતાં વિશ્વવિદ્યાલય દ્વારા નિબંધ સ્વીકારી તેમને પીઍચડીની ડિગ્રી એનાયત કરવામાં આવી છે.

કૉલેજ પરિવાર તરફથી પ્રૉ. ધર્મેન્દ્રને ખૂબ-ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## પિલવાઈ કૉલેજ ખાતે અત્યાધુનિક મૅથેમૅટીક્સ કૉમ્પ્યુટર લૅબનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૧૦

સમગ્ર ઉત્તર ગુજરાતમાં પ્રતિષ્ઠિત એવી પિલવાઈ કૉલેજના ગણિત વિભાગમાં ૫૫ કૉમ્પ્યુટરની સુવિધાયુક્ત લૅબનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

ઍનએસીસી દ્વારા એ ગ્રેડથી પ્રમાણિત એવી આ કૉલેજને યુજીસી દ્વારા સતત બીજીવાર 'કૉલેજીસ વિથ પોટેન્શિયલ ફૉર ઍક્સલન્સ' સ્ટેટસથી સન્માનિત કરતાં ફાળવેલી માતબર ગ્રાન્ટમાંથી આ અત્યાધુનિક લૅબનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ લૅબના ઉદ્‌ઘાટક તથા ઉત્તર-પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળના ઉપપ્રમુખ શ્રી અશ્વિનભાઈ સાહે સંસ્થાના અધ્યાપકો, વિદ્યાર્થીઓને તેનો મહત્તમ લાભ લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે આચાર્ય ડૉ. સંજય શાહે સંસ્થાની પ્રગતિ સ્વરૂપે ચાલુ વર્ષે શરૂ કરવામાં આવેલ બીઍસસી, બૉટની તથા ઍમઍસસી, મૅથ્સ જેવા અભ્યાસક્રમોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે આ કૉમ્પ્યુટર લૅબ કૉલેજ અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બનશે.

## મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય ખાતે ઈતિહાસ અને અભિલેખાગાર વિષયે વ્યાખ્યાન યોજાયું

### જિતેન્દ્ર વી શાહે સાંસ્કૃતિક વારસા અને સંશોધનકારો માટે અભિલેખાગારની અગત્યતા અને તેના ઉપયોગ બાબતે સમજૂતી આપી

ગાંધીનગર, તા. ૧૦

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા મહાવિદ્યાલય, રાંધેજા ખાતે ઈતિહાસના વિદ્યાર્થીઓ માટે તાજેતરમાં વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજ્ય અભિલેખાગાર, ગાંધીનગરના નિવૃત્ત શિક્ષક જિતેન્દ્ર વી શાહે 'ઈતિહાસ અને અભિલેખાગાર' એ વિષયે રસપ્રદ વ્યાખ્યાન આપ્યું હતું. જેમાં ઈતિહાસની સાથોસાથ રાષ્ટ્રીય અભિલેખાગાર, ગુજરાત રાજ્ય અભિલેખાગાર સાંસ્કૃતિક વારસામાં અને સંશોધનકારો માટે દફતરોની અગત્યતા અને તેના ઉપયોગ બાબતે વિસ્તારપૂર્વક સમજૂતી આપી હતી. ઉપરાંત ગુજરાતના વિવિધ જૂનાં દેશી રાજ્યોના ૧૦૦ વર્ષ કરતાં વધારે જૂના ઐતિહાસિક દસ્તાવેજો પણ વિદ્યાર્થીઓને બતાવ્યા હતા. વિદ્યાર્થીઓએ આ પ્રસંગે પૂછેલા પ્રશ્નોના સંતોષકારક જવાબો પણ તેમણે આપ્યા હતા.

પ્રૉ. ભાવિક ચાવડાએ સ્વાગત પ્રવચન અને આભારવિધિ ઈતિહાસ વિભાગના વડા ડૉ. ઝેનામાબીબી એ કાદરીએ કરી હતી.

## સે. ૧૯ જીમખાના ખાતે ૨૧મીએ ચૅસ ટુર્નામૅન્ટ યોજાશે

ગાંધીનગર, તા. ૧૦

સૅક્ટર-૧૯ જીમખાના ખાતે આગામી તારીખ ૨૧ ફેબ્રુઆરીના રોજ અન્ડર-૧૬ અને ઓપન તથા અન્ડર-૧૧ જૂથમાં આવતાં બાળકો માટે ચૅસ ટુર્નામૅન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે હર્ષદભાઈ કાપડિયાનો મોબાઈલ નંબર ૯૬૩૮૧ ૫૨૦૬૯ દ્વારા સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય વિવિધ રમતોમાં વિજેતા

ગાંધીનગર, તા. ૧૦

શ્રી જે ઍમ ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં ધોરણ-૬ કમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી મનીષ લક્ષ્મણભાઈ રાઠોડ જિલ્લા કક્ષાની ખેલ મહાકુંભની ઍથ્લેટીક્સ સ્પર્ધામાં અન્ડર-૧૩ વિભાગમાં ૪૦૦ મીટર દોડમાં પ્રથમ ક્રમે વિજેતા બન્યો હતો.

આ ઉપરાંત મહાત્મા ગાંધી વિદ્યામંદિર ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત જિલ્લા કક્ષાની ખો-ખો સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં અન્ડર-૧૩ વિભાગમાં શાળાએ પ્રથમ ક્રમનું વિજેતાપદ મેળવ્યું હતું.

એ પછી જિલ્લા કક્ષાની ટેક્વોન ડો સ્પર્ધામાં શાળાની ધોરણ-૮માં ભણતી ઈશિતા પરમારે પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો. આ સૌ વિદ્યાર્થીઓને શાળાનાં આચાર્ય મીનાબેન ચૌધરી, વ્યાયામ શિક્ષક અંજનાબેન ચૌધરી, ભાવનાબેન ચૌધરી, હંસાબેન ચૌધરી તથા શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

### ગુજરાત રાજ્ય પ્રેસ અકાદમીના ઉપક્રમે

## માસ કૉમ્યુનિકેશન સેમિનાર અંતર્ગત યુવા સેમીનાર યોજાયો





ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજ્ય પ્રેસ અકાદમી ગાંધીનગર, પ્રાદેશિક માહિતી કચેરી અમદાવાદ અને સાર્વજનિક સંસ્થા સંચાલિત બી.એસ.ડબલ્યુ અને એમ.એસ.ડબલ્યુ કોલેજના સંયુક્ત ઉપક્રમે સાર્વજનિક કોલેજ, મહેસાણાના મીડિયા હોલ ખાતે યુવા સેમીનારનું આયોજન કરાયું હતું. આ યુવા સેમનીરમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંગેની વિગતે માહિતી સામાજિક સંસ્થાના અભ્યાસ સાથે જોડાયેલ ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓની માહિતી આપી હતી. યુવા સેમીનારમાં એમ.એસ.ડબલ્યુ. કોલેજના આચાર્ય ક્રાંતિબેન ત્રિવેદીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારે રાજ્યના યુવાનો માટે જનકલ્યાણકારી યોજના યુવા સ્વાવલંબન યોજનાની શરૂઆત કરી છે. આ યોજનાથી યુવાનો માહિતગાર થાય તે જરૂરી છે. રાજ્યનાં મહિલા મુખ્યમંત્રીએ યુવાનો અભ્યાસ અને કારકિર્દીની ઉજ્જવળ તકો પ્રાપ્ત કરી શકે તે માટે યોજના અમલમાં મુકી છે.


તેમણે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાની માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપી હતી. આ યુવા સેમીનારમાં ઉપસ્થિત યુવાનોએ યુવા સ્વાલંબન યોજનાના પ્રશ્નો પુછી તેની વિગતવાર માહિતી મેળવી હતી.

જિલ્લા માહિતી કચેરી મહેસાણાના નાયબ માહિતી નિયામક પરેશ શાહે જણાવ્યું હતું કે યુવાનોએ સતત માહિતીથી વાકેફ રહેતા રહેવું જોઈએ. આજના યુવાનો સતત કોમ્યુનિકેશનને લગતા સાધનોની માહિતીથી વાકેફ રહેવું જરૂરી છે. જ્ઞાન જ સંપત્તિનો પર્યાય બનશે, કલ્યાણકારી માહિતી વહેંચીને સમાજનું ઘડતર કરવાની યુવાઓને શીખ આપી હતી. યુવાનોએ ફેસબુક, વોટસઅપ અને ઈમેઈલનો અતિરેક ઉપયોગ ન કરતાં તેનો વ્યવહારૂ ઉપયોગ કરવા અંગે પણ જણાવ્યું હતું.

કાર્યક્રમમાં અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરીના સહાયક માહિતી નિયામક ડી. પી. રાજપૂત, સહાયક માહિતી નિયામક આર. એસ. પટેલ, માહિતી મદદનીશ નરેન્દ્ર પંડ્યા, સહાયક અધિક્ષક વી. જી. નાયક, સામાજિક ક્ષેત્ર સંકળાયેલ વિદ્યાર્થીઓ, સંસ્થાના સ્ટાફગણે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# શિક્ષણ આખરે તો તંત્રનો ભાગ છે

### જે તે પદ માટે લાયકાતનાં ધોરણો ઊંચા રાખવામાં આવે છે અને જ્યારે પગાર આપવાનો આવે ત્યારે કાં તો એને કરાર આધારિત નોકરીએ રાખવામાં આવે છે અથવા તો ફિક્સ પગારની નોકરીએ રાખવામાં આવે છે






શિક્ષણ ક્ષેત્રે જે બલિહારીઓ છે એ વિશે એક આખું પુસ્તક લખી શકાય એમ છે. જે ક્ષેત્ર સ્વયં શુદ્ધ હોવું જોઈએ એ જ અત્યારે સૌથી વધુ કલૂષિત, પ્રદૂષિત જોવા મળે છે. એનું એક કારણ અત્યારે એવું લાગી રહ્યું છે કે શિક્ષણ પણ આખરે ધીમે-ધીમે એક તંત્રનો ભાગ બની ગયું છે, જે ક્ષેત્ર આખરે તંત્રનો ભાગ બની જાય એ ક્ષેત્ર ભાગ્યે જ પ્રદૂષણ મુક્ત રહી શકે છે, એવી એક આખી વ્યવસ્થા જડબેસલાક રીતે ઘર કરી ગઈ છે. શિક્ષણ તંત્રનો ભાગ બને એને કારણે અંતે તો શિક્ષણનો જ ભોગ લેવાતો હોય છે.

કોઈપણ ક્ષેત્ર વ્યવસ્થિત ચલાવવું હોય તો એ ક્ષેત્રમાં યોગ્ય ક્ષમતાવાળા માણસો પૂરતી સંખ્યામાં હોવા જરૂરી છે. શિક્ષણનું ક્ષેત્ર શિક્ષકો પર નિર્ભર હોય છે. હવે જો પૂરતી ક્ષમતાવાળા શિક્ષકો પૂરતી સંખ્યામાં ન હોય તો શિક્ષણની ખો નીકળતી હોય છે. ગુજરાતમાં અત્યારે જેટલી પણ યુનિવર્સિટીઓ છે, એમાં યોગ્ય લાયકાતવાળા અધ્યાપકોની સંખ્યા પૂરતા પ્રમાણમાં નથી એવા સમાચાર સતત અખબારોમાં આવે છે, છતાં તંત્ર એ દિશામાં નિષ્ક્રિય જ જોવા મળે છે. વળી, હમણાં ફરી બે નવી યુનિવર્સિટીઓ-ગુરુ ગોવિંદસિંહ યુનિવર્સિટી અને કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીની સ્થાપના થઈ છે. આ બંને યુનિવર્સિટીઓમાં કુલપતિની નિમણૂંકો થઈ ગઈ છે પણ અન્ય વહીવટી જગ્યાઓ કે શૈક્ષણિક જગ્યાઓ વિશે કોઈ સમાચાર નથી. યુનિવર્સિટીમાં માત્ર સૈક્ષણિક જગ્યાઓ જ અપૂરતા પ્રમાણમાં છે એવું નથી. પરંતુ વહીવટી જગ્યાઓ પણ પૂરતા પ્રમાણમાં નથી. કુલપતિ ઉપરાંત ઉપકુલપતિ અને કુલસચિવની જગ્યાઓ પણ મહત્ત્વની છે. મોટાભાગના યુનિવર્સિટીઓમાં ઉપકુલપતિનું પદ રિક્ત જોવા મળે છે તો કુલસચિવ અને પરીક્ષા નિયામક જેવાં મહત્ત્વનાં પદો કાર્યકારી માણસોથી ચાલે છે. ટૂંકમાં, ચાવીરૂપ જગ્યાઓ રિક્ત છે કે પછી કાર્યકારી માણસોથી ચાલે છે અને એની અસર કામગીરી પર ને એ રીતે શિક્ષણ પર પડતી હોય છે.

શિક્ષણનું ક્ષેત્ર ધમધમતું રહે અને એનાં સારાં પરિણામ મળે એ માટે ચાવીરૂપ જગ્યાઓ અને ક્ષમતાવાળા શિક્ષકોની પૂરતા પ્રમાણમાં ભરતી થવી જોઈએ. એક બાજુ શિક્ષિત બેકારોની સંખ્યા વધતી જાય છે ને બીજી બાજુ મહત્ત્વની શૈક્ષણિક જગ્યાઓ રિક્ત જોવા મળે છે. આ આખી પરિસ્થિતિ વિડંબનાપૂર્ણ છે અને તંત્રનો વિપર્યય દર્શાવે છે. માણસોની જરૂર છે અને બીજી બાજુ બેકારોની સંખ્યા વધી રહી છે. આ આખી પરિસ્થિતિને સમતોલ કરી શકાય એમ છે પણ એ દિશામાં વિચારવામાં આવતું નથી.

હમણાં એવા સમાચાર વાંચવા મળ્યા કે ગુજરાતની જૂનિ યુનિવર્સિટી ગુજરાત યુનિવર્સિટીમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક ઘણી બધી જગ્યાઓ ખાલી છે. ઉપકુલપતિનું પદ પણ ખાલી છે. ક્ષમતાવાળા માણસોને યોગ્ય પગારધોરણ હેઠલ પસંદ કરવામાં આવે તો અવશ્ય એ કામ કરવાનું પસંદ કરવામાં આવે. પણ બને છે એવું કે જે તે પદ માટે લાયકાતનાં ધોરણો ઊંચા રાખવામાં આવે છે અને જ્યારે પગાર આપવાનો આવે ત્યારે કાં તો એને કરાર આધારિત નોકરીએ રાખવામાં આવે છે અથવા તો ફિક્સ પગારની નોકરીએ રાખવામાં આવે છે. આમ થવાને કારણે લાયકાતવાળા ઉમેદવારો બહુ જલદી મળતા નથી. સ્થિતિ અત્યારે એવી છે કે નોકરી મેળવવા માટે ગમે તેવા પગારધોરણ સાથે નોકરી સ્વીકારનારા ઉમેદવારોની સંખ્યા પણ દિવસે ને દિવસે વધતી જાય છે. આવી સ્થિતિમાં પણ ચાવીરૂપ જગ્યાઓ ખાલી રહે તો એને વિડંબના જ ગણવી પડે. આ વિડંબનાપૂર્ણ સ્થિતિ લાંબો સમય ચાલે તો એ શિક્ષણના હિતમાં નથી. શિક્ષણનું ક્ષેત્ર જ હિતકારી ન હોય તો બીજું કયું ક્ષેત્ર રહી શકવાનું છે? જે સૌથી અગત્યનું ક્ષેત્ર છે એની લાંબો સમય અવગણના કરવી એ આખરે તો સમાજ માટે નુકસાનકારક સાબિત થશે. શિક્ષણ આખરે તંત્રનો ભાગ છે એ વાત સાચી પણ એની અવગણના ન થવી જોઈએ.

## વાસંતી વધામણાં



ચાલો, આજ વહાલ વાવી જોઈએ અને વસંતના ઊગવાની પ્રતિક્ષા કરીએ. ફૂલોના કાફલાને લઈને આવતા વાસંતી વરઘોડાને વધાવીએ. મંજરીઓની મોજ માણીએ. કૂક બની ટહૂકતી કોયલને કહીએ કે જા, લઈ આવ મારા 'ઋતુરાજ'ની મહેફિલને.

વાટે ને ઘાટે હાટ માંડી બેઠેલા એ વાસંતી માહોલનાં વધામણાં કરીએ. ફાગુ ગીતોની લ્હેકમાંથી ઊઠતી મહેંકને માણીએ. પ્રેમીઓની અધૂરી અપેક્ષાઓની પૂર્તતા કરતો ઋતુરાજ આજ નગરચર્યાએ નીકળ્યો છે. ડગલે ને પગલે સુગંધી સ્મૃતિઓ વેરતા વસંતની પંચમી એટલે પ્રભુતામાં પાપા પગલી...

રંગનાં છાંટણાં છાંટતી પ્રકૃતિના નવલા રૂપને નીરખીએ. ઊગતી ઉષાના રંગોની મસ્તીને માણી લઈએ. આથમતી સંધ્યાના સિંદુરિયા સ્વરૂપને સ્નેહભર્યા 'સાયોનારા' કહીએ. ધીમે પગલે પધારતી વસંત ઋતુના રજવાડી ઠાઠમાઠનો સ્વાગત ગીતોથી આવકારીએ. આવ, ઋતુરાજ, તારું હૈયાના હેતથી સ્વાગત છે. આવ, ઋતુરાજ, પધાર, મારા નગરની 'શ્રી'ને શણગારવા આવ.

**- શૈલેષભાઈ પંડ્યા**